આપની આજ

મોબાઈલ૯૮૨૫૪૭૩૬૬૫
- ભાવેશ એન પટ્ટણી
Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

આજનું પંચાંગ

ઉદિત તિથિ	શુક્લ પક્ષ અષ્ટમી સવારે ૬:૫૮ સુધી, ત્યાર બાદ નવમી
વાર	શનિ
નક્ષત્ર	શ્રવણ ૨૫ ઓક્ટોબર ૨૦૨૦, ૨:૩૮ સુધી, ત્યાર બાદ ધનિષ્ઠા
કરણ	બવ સવારે ૬:૫૮ સુધી, ત્યાર બાદ બાલવ સાંજે ૭:૧૫ સુધી, ત્યાર પછી કૌલવ
યોગ	શુળ તારીખ ૨૫ ઓક્ટોબર ૨૦૨૦ના ૦૦:૪૨ સુધી, ત્યાર બાદ ગંડ
જન્મેલા બાળકોની રાશિ	મકર
રાશિના અક્ષરો	ખ. જ.

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ (અ. લ. ઈ.) આજે કાર્યક્ષેત્રમાં વધારે ધ્યાન આપવાનું થાય. વ્યસ્ત પણ રહેવાશે. આપને માટે આ દિવસ આકરો એટલા માટે છે કે, વિચારો ક્યાંક છે અને કામો ઘણાં પતાવવાના છે. આપ થોડાક ઉચાટ સાથે આજનો દિવસ પસાર કરો તેવું બની શકે પણ એવું કરવાની બદલે, ક્રમવાર – તબક્કાવાર કામ કરો. ટેન્શન પણ નહીં થાય અને કામ વહેલું પતશે.

વૃષભ (બ. વ. ઉ.) આજનો દિવસ સરસ છે. નવા પરિચયો વધુ ગાઢ બને. આજે અન્ય લોકોની સાથે વિચારોની આપ-લે થાય તેમાંથી આપના મનમાં પણ વિચારોનું નવું બીજ આરોપાય. કોઈની સાથે વિવાદ થયો હોય તો તેમાં સમાધાન કરવા માટે સારો દિવસ છે. નસીબ સાથ આપે છે તેવું લાગે. અચાનક આર્થિક લાભ થાય અથવા તે અંગેની વાત થાય.

મિથુન (ક. છ. ઘ) આજના દિવસ દરમ્યાન કાર્યોની ગતિ થોડી ધીમી રહેશે. વિતેલા દિવસોની યાદ આવશે અથવા કોઈ યાદ અપાવશે. આપ થોડો સમય ભૂતકાળમાં આંટો મારી આવશો. આપની સંવેદનાઓ બોલાયેલા શબ્દોમાં કે આપના લખાણમાં છલકાવી શકાશે. જીવન અને મૃત્યુના રહસ્યની તથા ગૂઢવિદ્યાની વાતોમાં પણ રસ પડશે. આજે તબિયત નરમ-ગરમ રહે તેવું બને.

કર્ક (ડ. હ.) આજે જીવન વિષે ઊંડાણપૂર્વક વિચારશો. શું પામ્યા અને શું ગુમાવ્યું તેનો પણ વિચાર આવશે. જુની યાદો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવા અંગે વિચાર આવશે. આપને અત્યારે કોઈ ધ્યાન આપે, આપના ખબર પૂછે, આપની સાથે છે તેવો અહેસાસ કરાવે – તેની જરૂર છે. અંગત મિત્રવર્તુળ અથવા જીવનસાથી આપને સમજી શકશે, તેથી તેમની સાથે સંવાદ સાધો.

સિંહ (મ. ટ.) આપની રાશિના જાતકોને આજે મહેનત બાદ સફળતાના યોગ છે. આમ જોવા જાઓ તો દિવસ ખરાબ નથી પણ, અદ્ભૂત પણ નથી. ઘણી બાબતો એવી હશે જેની ઉપર આપનો નહીં, પણ સંજોગો અથવા બીજાં વ્યક્તિઓનો કંટ્રોલ હશે. સંયમ નહીં રાખો તો બેહિસાબ ખર્ચ થવાની સંભાવના છે, તેથી જરાક સંભાળીને હોં!

કન્યા (પ. ઠ. ણ) આજના દિવસ દરમ્યાન નવી જાણકારી કે માહિતી આપને માટે ઉપયોગી થઈ રહેશે. આપ બીજાઓ સાથે પોતાના પરફોર્મન્સની તુલના ન કરશો કેમ કે આપની પાસે છે તે તેમની પાસે નથી. પરંતુ, આપ પોતાની ક્ષમતાઓને વધારવા માટે કટીબદ્ધ થાઓ એવું બને. આજનો દિવસ વિશિષ્ટ નથી પણ કોઈ વિશિષ્ટ વ્યક્તિ સાથેની મુલાકાત, કેટલીક ક્ષણોને વિશિષ્ટ જરૂર બનાવી શકે છે.

તુલા (ર. ત.) આજના દિવસ દરમ્યાન ઘર અને કાર્ય સ્થળની વચ્ચે બેલેન્સ જાળવવાનું રહેશે. એવી જ રીતે આવક અને ખર્ચ વચ્ચે પણ સમતુલા જાળવવી પડશે. ઘરનાં બધા સભ્યોની બધી માગણીઓ પૂરી ન થઈ શકે તો એ અંગે ઋજુતાથી પણ તેમની સાથે ચોખવટ જરૂરી બને. કોઈ કુટુંબીજન અંગે અગત્યના સમાચાર મળશે.

વૃશ્ચિક (ન. ય.) આજનો દિવસ ટૂંકા અંતરની મુસાફરી શરુ કરવા માટે સારો છે. નવું વાહન લેવાનું વિચારતાં હોવ, તો પણ વિલંબ કર્યા જેવો નથી. સારી ડિલ મળી જશે. જે શોરબકોર આપના વૈચારિક જગતમાં ચાલી રહ્યો છે તે કોઈને કહી દો, અથવા લખીને અભિવ્યક્ત કરી નાખો. અત્યારે મનમાં વિવિધ વિચારો આવે છે, તેને સ્ટ્રીમલાઈન કરો.

ધન (ભ. ફ. ધ. ઢ) આજે આર્થિક પાસાં મજબૂત થશે. ઉઘરાણીનાં નાણા મળશે અથવા નવા ઓર્ડર્સ મળશે. જે લોકો નોકરી કરે છે તેમને જવાબદારી સાથે, આર્થિક ઉન્નતિની બાહેંધરી મળે તેવું બને. જો નવી નોકરીનો ઈન્ટરવ્યુ આપવાનો હોય, તો સારો સમય છે. બીજા લોકો શું માને છે તે તરફ ધ્યાન આપવાની બદલે, આપ પોતાની માન્યતાઓ પર અડગ રહેશો.

મકર (ખ. જ.) આજે કામ પ્રત્યે લક્ષ્ય ઓછું હશે. એમ થશે, કે ક્યારે દિવસ પૂરો થાય અને ક્યારે ઘરે જઈને આરામથી બેસું. જે લોકો 'વર્ક ફ્રોમ હોમહ્વ છે એ લોકો ઘડિયાળ તરફ મીટ માંડશે અને દિવસ પૂરો થવાની રાહ જોશે. એનો અર્થ બિલકુલ એવો નથી કે કામ નહીં થાય, પણ ધ્યાન કામ પતાવવામાં હશે, કામ કરવામાં નહીં. પારિવારિક જવાબદારીઓ અંગે ઘરે ચર્ચા થાય એમ બને.

કુંભ (ગ. શ. સ.) પરિવારજનો કે કુટુંબીજનો, સ્વજનો – યાદ આવશે. કશુંક મેળવવા કશુંક ગુમાવવું પડ્યું છે, એ લાગણી સતત થયાં કરશે. વર્તમાનમાં જીવશો, તેટલા વધુ આનંદમાં રહી શકશો. જે લોકોને એમ લાગે છે કે કામ કાજ સારું નથી ચાલી રહ્યું, તેમને આવતાં સપ્તાહે રાહત રહેશે. આજે એવી કોઈ પ્રવૃત્તિ કરો, જેનાથી ચિત્ત વિચારોના વમળમાંથી બહાર આવે. ખર્ચની શક્યતાઓ છે.

મીન (દ. ચ. ઝ. થ) આજનો દિવસ ખરાબ પણ નથી અને સારો પણ નથી. રૂટિન કામ કરશો. વારંવાર કોઈની સાથે લેખિત વ્યવહાર એટલે કે 'ચેટિંગહ્વ કરશો. આપ પોતાના વિચારો અને લાગણીઓ સ્પષ્ટ રીતે કોઈની સામે પ્રદર્શિત કરશો. લેખકો અને કવિઓ માટે સારો દિવસ છે પણ રચનાત્મક પ્રક્રિયા થોડી ધીમી ચાલશે. આર્થિક ચર્ચાઓ માટે પણ આજનો દિવસ સારો છે.

સફળ પરીક્ષણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડીકમીશન થઈ ચૂક્યું હતું. અને એન્ટી શિપ મિસાઈલે અધિકતમ દૂરી તટ કરીને સટીક હુમલો કરવામાં સફળતા મેળવી હતી. નોંધનીય છે કે હાલ પાકિસ્તાન સાથે ભારતના સંબંધો તણાવ પૂર્ણ છે જ સાથે હાલ લદાખ ક્ષેત્રે ચીન સાથે તે રીતે ગતિરોધ અને તણાવની સ્થિતિ છે તે વચ્ચે ભારતને નૌસેના, વાયુસેના અને થલસેનાની તાકાત વધારી રહ્યું છે. જે અંતર્ગત આ મિસાઈલનું સક્સેક્સફુલ ટેસ્ટિંગ ખૂબ જ મહત્વનું માનવામાં આવે છે.

હવા પ્રદૂષિત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોરોના મહામારીની વચ્ચે અમેરિકા માં યોજાનારી રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી ને લઈને પ્રચાર ચાલી રહ્યો છે. શુક્રવારે યોજાયેલી પ્રેસિડેન્શલ ડિબેટમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને જો બાઈડન એ મતદારોને આકર્ષવાના તમામ પ્રયાસ કર્યા. ડોનાલ્ડ ટ્રમ્પે પ્રેસિડેન્શલ ડિબેટમાં કહ્યું કે આપણી પાસે કોરોના વાયરસની એક વેકસીન આવવાની છે. તેમણે કહ્યું કે હું હાહ્વસ્પિટલમાં હતો અને અને તે મારી પાસે હતી. પ્રેસિડેન્શલ ડિબેટ દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે ભારતનો પણ ઉલ્લેખ કર્યો.

ટ્રમ્પે કહ્યું કે જળવાયુ પરિવર્તનને લઈને લડાઈમાં ભારત, રશિયા અને ચીનનો રેકોર્ડ ખૂબ ખરાબ રહ્યો છે. ટ્રમ્પે કહ્યું કે, ચીનને જુઓ, રશિયા અને ભારતને પણ જુઓ, ત્યાં વાયુ પ્રદૂષણ કેટલું ગંભીર છે. આ દરમિયાન ટ્રમ્પે દાવો કર્યો કે અમેરિકામાં સૌથી ઓછા કાર્બનનું ઉત્સર્જન છે.

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૧૨ કેસ

૨૪ કલાકમાં ૧૨૬૪ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા : અત્યાર સુધીમાં કુલ ૫૬૩૮૩૯૨ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૪૭૫૭૨ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગુજરાતમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૧૧૨ નવા કેસ અને ૬ મોત નોંધાયા છે. જેથી કોરોનાનો કુલ આંકડો ૧૬૫૨૩૩ થયો છે.૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૫૨,૯૪૭ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૫૬,૩૮,૩૯૨ થયો છે. રાજ્યમાં ૧૧૧૨ નવા દર્દીઓ સામે ૧૨૬૪ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧,૪૭,૫૭૨ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૮૧૪.૫૭ ટેસ્ટ થાય છે.રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૩૩,૮૯૨ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે.જે પૈકી ૫,૩૩,૬૩૯ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૨૫૩ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે.આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૩,૯૮૫ એક્ટિવ કેસ છે.જેમાંથી ૬૯ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૩,૯૧૬ની સ્થિતિ સ્ટેબલ છે.રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. રાજ્યમાં આજરોજ કોવિડ-૧૯ના કારણે વધુ ૬ વ્યક્તિઓના દુઃખદ મૃત્યુ નોંધાયેલા છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૨, બનાસકાંઠામાં ૧, સુરત કોર્પોરેશનમાં ૨, ગાંધીનગરમાં ૧ એમ કુલ ૬ મોત નીપજ્યા હતાં. જેથી હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૩૬૭૬ પર પહોંચ્યો છે.ભારતમાં બે મહિના પછી એક્ટિવ કેસ ૭ લાખથી ઓછા થયા છે.જ્યારે ૨૨ ઓગસ્ટના રોજ ભારતમાં એક્ટિવ કેસની સંખ્યા ૭ લાખને પાર થઈ હતી. અત્યાર સુધીમાં કોરોનાને ૬૯,૪૮,૪૯૭ દર્દીઓ કોરોનાને હરાવી ચૂક્યા છે તો ૧,૧૭,૩૦૬ લોકો મોતને ભેટી ચૂક્યા છે.

ત્રિવિધ વિકાસ પ્રકલ્પોની નરેન્દ્ર મોદી ડિઝિટલી ભેટ આપશે

મુખ્યમંત્રી અને ઊર્જા મંત્રી સહભાગી થશે : ખેડૂતોને દિવસે વીજળી આપવાની કિસાન સૂર્યોદય યોજનાનું લોન્ચિંગ કરાશે : પ્રથમ ચરણમાં ૧૫૭૦ ખેડૂતોને લાભ

ગાંધીનગર,તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવાર તા.૨૪મી ઓક્ટોબરે નવરાત્રિ ઉત્સવની અષ્ટમીએ ગુજરાતને આરોગ્ય રક્ષા, પ્રવાસન વિકાસ અને કૃષિ કલ્યાણના ત્રિવિધ વિકાસ પ્રકલ્પોની ડિઝીટલ માધ્યમથી ભેટ અર્પણ કરશે. પ્રધાનમંત્રી તા.૨૪ ઓક્ટોબર શનિવારે સવારે ૧૦-૩૦ કલાકે નવી દિલ્હીથી વિડીયો લીંક દ્વારા ગુજરાતના આ ત્રણ પ્રકલ્પોના પ્રજાર્પણ કરવાના છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી સૌરાષ્ટ્રના જુનાગઢથી તેમજ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ અમદાવાદથી આ ઈ-લોકાર્પણમાં સહભાગી થશે. એશિયાની સૌથી મોટી સિવીલ હોસ્પિટલ અમદાવાદ કેમ્પસમાં કાર્યરત યુ.એન.મહેતા હાર્ટ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટને રૂા. ૪૭૦ કરોડના ખર્ચે વધુ સુસજ્જ બનાવીને અત્યાધુનિક સાધન-સારવારથી સજ્જ કરાઈ છે. હૃદયરોગની શ્રેષ્ઠ સારવાર આપતી આ હોસ્પિટલમાં ૮૫૦ પથારીની સુવિધા ઉપલબ્ધ બની છે.ઉપરાંત નાના બાળકો કે જન્મતાની સાથે કે જન્મ્યા બાદ હૃદયની બિમારી ધરાવતા હોય તેમને હૃદયરોગની સઘન સારવાર આપવા માટે અલાયદી વ્યવસ્થા આ હોસ્પિટલમાં ઉભી કરાઈ છે તેનું ઈ-લોકાર્પણ વડાપ્રધાન દ્વારા કરાવાનું છે.વડાપ્રધાન આ ઉપરાંત, ઐતિહાસિક તીર્થ નગરી જુનાગઢના ગિરનાર પર્વતની ટોચે ભગવાન દત્તાત્રેયની ટૂક-અંબાજીધામ જવા-આવવા માટેના રોપ-વે નો પણ લોકાર્પણ કરવાના છે.એશિયાના સૌથી લાંબા ૨.૩ કિ.મી. લંબાઈ ધરાવતાં તેમજ દેશના અદ્યતન ટેકનોલોજીયુક્ત આ રોપ-વે દ્વારા રોજના હજારો યાત્રિકો હવે સરળતાએ અને

પગથિયા ચડયા વિના ગિરનારની ટોચે પહોચી શકશે. પ્રત્યેક ટ્રોલી કેબિનમાં ૮ વ્યકિતની ક્ષમતા ધરાવતી કુલ ૨૫ ટ્રોલી કેબિન આ રોપ-વે માં કાર્યરત રહેશે અને દર કલાકે બેય તરફ ૮૦૦ જેટલા યાત્રિકો અવર-જવર કરી શકશે.ગુજરાતની વિશ્વખ્યાતિ સમા એશિયાટીક લાયન જોવા માટે આવતા લાખ્ખો પર્યટકો માટે પણ આ રોપ-વે એક નવું પ્રવાસન નજરાણું બનશે.રોપ-વે દ્વારા ગીરનારના જંગલને ઊંચાઈએથી જોવાનો અનેરો આહલાદ લ્હાવો પર્યાવરણ પ્રેમીઓને મળશે જેના પરિણામે રાજ્યના પ્રવાસન ઉદ્યોગને વેગ મળશે. તથા સ્થાનિક કક્ષાએ વધુ રોજગારીનું પણ સર્જન થશે.વડાપ્રધાન આ બે વિકાસ પ્રકલ્પો સાથે રાજ્યના ધરતીપુત્રોને સિંચાઈ-ખેતી માટે દિવસે વીજળી આપતી કિસાન સૂર્યોદય યોજનાના પ્રથમ ચરણનો પણ શનિવારે વર્ચ્યુઅલ પ્રારંભ કરાવશે. રાજ્યના દાહોદ, જુનાગઢ અને ગિર-સોમનાથના ૧૫૭૦ ગામોના ધરતીપુત્રોને પ્રથમ તબક્કે આ કિસાન સૂર્યોદય યોજના તળે આવરી લેવાશે.કિસાન સૂર્યોદય યોજના'' હેઠળ ખેડૂતને ખેતીવાડીના વપરાશ માટે દિવસ દરમ્યાન વીજ પુરવઠા માટે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ અંતિત ૧૭૫ ગીગાવોટ બિનપરંપરાગત ઊર્જા ઉત્પાદન ક્ષમતા પ્રસ્થાપિત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવ્યો છે જેમાં ૧૦૦ ગીગાવોટ (૧ લાખ મેગાવોટ) સૌર ઊર્જાનો તથા ૭૫ ગીગાવોટ (૭૫૦૦૦ મેગાવોટ) પવન ઊર્જાનો સમાવેશ છે.રાજ્ય સરકાર દ્વારા બિન-પરંપરાગત ઊર્જા ઉત્પાદનને (પવન અને સૌર ઊર્જા) પ્રોત્સાહન આપવા માટે નીતિઓ પણ જાહેર કરવામાં આવી છે. ગુજરાત ભારતના પશ્ચિમ છેડે હોવાથી ભૌગોલીક દ્રષ્ટિએ બિનપરંપરાગત ઊર્જાનો સ્ત્રોતો ખાસ કરીને પવન અને સૌર ઊર્જાના ઉત્પાદન માટે આશીર્વાદરૂપ પુરવાર થઈ છે. રાજ્યની હાલની સૌર ઊર્જા ઉત્પાદન ક્ષમતા ૩૧૨૮ મેગાવોટ છે જે આગામી વર્ષોમાં ૧૦૭૫૦ મેગાવોટ કરવાનું આયોજન છે.ગુજરાતના ખેડૂતોને દિવસે વીજળી આપવાની કિસાન સૂર્યોદય યોજનામાં આ સૌરઊર્જા ઉત્પાદન મહત્વનું સિમાચિન્હ બનશે.

પલ્લી નિકળશે નહીં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. માતાજીના પલ્લીરથ પર ઘીનો અભિષેક કરવા માટે ભાવિકોની જનમેદની ઉમટી પડે છે. પરંતુ આ વર્ષે કોરોનાકાળમાં રૂપાલ વરદાયિની માતાના પલ્લી મેળાનુ પણ આયોજન કરવામાં આવ્યુ નથી. આ વાત દરેક નાગરિકોને ખુંચે છે. વેપાર ધંધાને અનુલક્ષીને પણ નિયમોનુ પાલન અનિવાર્ય છે. ત્યારે કોરોના સામેની લડતના લાંબા સમયના અંતે જનજીવન પણ પરેશાન છે. ગાંધીનગર નજીકના રૂપાલના પલ્લીમેળામાં પ્રતિવર્ષ લાખો ભાવિકો દર્શનનો લાભ લે છે. જયારે લાખો કીલો ઘીનો અભિષેક પણ માતાજીના પલ્લી રથ પર કરવામાં આવે છે. ભાવિકોની માનતાઓ પુરી થાય છે. વરદાયિની માતાની પલ્લીરથનો દેશ વિદેશમાં ડંકો વાગે છે. પાંડવકાળથી પલ્લીરથ નિકળે છે. વર્ષોની પરંપરાના અંતે ભાવિકો દેશ વિદેશથી પલ્લી રથના દર્શન માટે રૂપાલ ગામમાં આવે છે. આવા સંજોગોમાં એકબાજુ ચુંટણી ઉપરાંત રાજકીય કાર્યક્રમોનુ બિન્દાસ્ત આયોજન કરવામાં આવે છે. બીજીબાજુ આ વર્ષે કોરોના કાળમાં રૂપાલનો પલ્લી મેળો યોજાવાનો નથી તે પણ ઐતિહાસિક ઘટના બની રહેશે. રાજકીય કાર્યક્રમો થતા હોય તો પલ્લીમેળાનુ આયોજન પણ નિયમોના પાલન સાથે થવુ જોઈએ તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. આ તબક્કે રૂપાલ ગ્રામ પંચાયતના સરપંચના જણાંવ્યા મુજબ તા ૨૪ ઓકટોબરના રોજ બપોરે ૧૨ કલાકથી તા ૨૬ ઓકટોબર સવારે ૬ વાગ્યા સુધી રૂપાલ ગામના તમામ બજારો બંધ રહેશે.ગામમાં ફકત શાકભાજી, દવાની દુકાન, ઘંટી, દુધના પાર્લરો જ ખુલ્લા રહેશે. અ સિવાયની તમામ દુકાનો બંધ રહેશે. જયારે આ સુચનાનો અમલ નહીં કરનારા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

સાહિત્ય પરિષદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તા. ૧૨મી સપ્ટેમ્બર ૧૯૪૦માં ગાંધીનગરના માણસા ખાતે જન્મેલા પ્રકાશ શાહ જનસત્તા અને નૂતન ગુજરાતમાં પત્રકાર રહી ચૂક્યા છે અને 'સમયના ડંકા' કોલમથી તેઓ ખૂબ જાણીતા બન્યા હતા. તેમણે ૧૩ વર્ષ સમકાલીન, ગુજરાત મિત્ર અને ગુજરાત ટુડેમાં પણ કટાર લેખન કર્યુ છે અને હાલ દિવ્ય ભાસ્કરમાં કટાર લેખન કરી રહ્યા છે. આખંડ આનંદના પુર્ન સર્જનમાં તેમનો મહત્વનો ફાળો હતો.

૧૮ નવા કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહિલા કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માં રહેતા અને સર્વ શિક્ષા અભિયાનની કચેરીમાં ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે ફરજો બજાવતા ૪૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૪ માંથી ૭૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨ જે કોરોના માટે અતિસંવેદનશીલ કેટેગરીમાં આવે છે તે સેક્ટરમાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૩૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૮ માંથી પણ આજે ૩ કેસ મળી આવતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. નાણાં વિભાગમાં નાયબ સચિવ તરીકે ફરજો બજાવતી ૪૨ વર્ષીય મહિલા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપારંત જીવરાજ મહેતા ભવનમાં સીઈઓ તરીકે ફરજો બજાવતા ૬૨ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧ માં રહેતા અને ચિલોડા ખાતે શ્રીજી ક્લીનીક સાથે સંકળાયેલ ૫૨ વર્ષીય તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સેકટર-૨૩ માં વધુ ૩ ગુરૂકુળના સંતો સંક્રમિત થયા છે. ગઈકાલે એક સંત સંક્રમિત થયા હતા. આમ બે દિવસમાં ૪ સંતો સંક્રમિત થયા છે. જેને લઈ હરિભક્તો ચિંતિત બન્યા છે. ૩૭ વર્ષીય સંત, ૫૫ વર્ષીય સંત સંક્રમિત થતાં તેમને હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આ ઉપરાંત ૯૨ વર્ષીય સંત સંક્રમિત થતાં તેમને સારવાર માટે એસ.જી.વી.પી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સેક્ટર-૧૨માંથી એક ૭૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં ૧૫૦ થી વધુ દર્દીઓ આજે હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

૨૦ કેસ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામીણ અર્થતંત્રમાં નાના વેપારીઓનું મહત્વ વિશેષ છે. તંત્ર દ્વારા ગ્રામીણ વિસ્તારમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન અસરકારક રીતે થાય તે જોવા માટે પણ તંત્રને તાકીદ કરી છે. ગાંધીનગરના ભાટ ગામેથી ૫૦ વર્ષીય ખાનગી નોકરી કરતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કુડાસણ ગામેથી પણ આજે બીજે દિવસે ૪ કેસ નોંધાયા છે. જેમાં એક જ પરિવારમાંથી ૩ કેસ મળ્યા છે. કુડાસણમાંથી ૩૨ વર્ષીય યુવાન વેપારી તેમજ તેની બે દિકરીઓના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આ ત્રણેય દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. વેપારીની પાંચ વર્ષની દિકરી અને ૩ વર્ષની દિકરીઓનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. આ ઉપરાંત કુડાસણ ગામેથી ૫૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. રાયસણ ગામેથી ૨૪ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં વેપારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ઝુંડાલ ગામેથી પણ ૪૭ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોર ગામેથી ૭૫ વર્ષીય વૃદ્ધ નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દહેગામમાં આજે ૪ કેસ નોંધાયા છે. જેમાં અર્બન વિસ્તારમાંથી માતા-પુત્રનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ૪૩ વર્ષીય ગૃહીણી અને ૨૭ વર્ષીય યુવા વેપારી દિકરાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાંથી વર્ધાના મુવાડા ગામેથી ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત વાસણા ચૌધરી ગામેથી ૪૨ વર્ષીય ખાનગી નોકરી કરતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. માણસા તાલુકામાં પણ આજે ૪ કેસ નોંધાયા છે. જેમાંથી ૩ ગ્રામ્ય વિસ્તારમાં અને એક કેસ અર્બન વિસ્તારમાંથી નોંધાયા છે. બિલોદરા ગામેથી ૨૯ વર્ષીય ખેડૂત, માણેકપુર ગામેથી ખાનગી નોકરી કરતા ૬૦ વર્ષીય પુરૂષ, પ્રતાપપુરા ગામેથી ૬૧ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. માણસા અર્બન વિસ્તારમાંથી ૧૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કલોલ તાલુકામાંથી પણ આજે ૪ કેસ નોંધાયા છે જેમાં ત્રણ કેસ ગ્રામ્ય વિસ્તારના છે અને એક કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યો છે. કલોલ તાલુકાના જાસપુર ગામેથી ૨૧ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ડિંગુચા ગામેથી ૨૨ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સોજા ગામેથી ૭૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે. આ સાથે જિલ્લામાં ૨૨૩૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે ૧૬૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

અમૂલના ચેરમેન પદે રામસિંહ પરમાર બિનહરીફ ચૂંટાયા

દૂધ ઉત્પાદન અને દૂધ ઉત્પાદનની ખાદ્ય ચીજ વસ્તુઓ માટે જણાતી સહકારી સંસ્થા આણંદ જિલ્લાની અમૂલ ડેરીમાં આજે ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી. જેમાં અમૂલના નિયામક મંડળના ૧૫ ડિરેક્ટરો અને ૩ રાજ્ય સરકારે નિમણૂક કરેલા ડિરેક્ટરોએ મતદાન કર્યું હતું. જોકે, ગત ટર્મના અમૂલના ચેરમેન રામસિંહ પરમારની સામે કોઈએ ઉમેદવારી ન નોંધાવતા તેઓ ચેરમેન તરીકે તેઓ બિન હરીફ ચૂંટાયા હતા. જ્યારે વાઈસ ચેરમેનના પદ માટે મતદાન થયું હતું. ચૂંટણી બાદ રામસિંહ પરમારે જણાવ્યું હતું કે તેઓ ભવિષ્યમાં સભાસદોના કલ્યાણ માટે કામ કરતા રહેશે. નિયામક મંડળ હંમેશા સાથે રહીને કામ કરતું રહેશે. અમૂલ નિયામક મંડળની વાઈસ ચેરમેનની ચૂંટણી માટે કૉંગ્રેસના બોરસદના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમાર અને રાજ્ય સરકાર નાગરિક પુરવઠા નિગમના ચેરમેન રાજેશ પાઠકે ઉમેદવારી નોંધાવી હતી. આ માટે આજે મતદાન પણ થયું હતું. જોકે, ગત વખતના વાઈસ ચેરમેન રાજેન્દ્રસિંહ પરમારે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હોવાથી વાઈસ ચેરમેનની ચૂંટણી ચોક્કસ યોજાઈ હતી પરંતુ તેનું પરિણામ હાઈકોર્ટ તરફથી આગામી નવેમ્બર માસમાં જાહેર કરવામાં આવશે. બીજી તરફ અમૂલના નિયામક મંડળની ચૂંટણીમાં સરકારી ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવતા મહિલા અધિકારીએ પત્રકારોને ચૂંટણી સંબંધી કોઈ જ માહિતી આપી ન હતી. ચૂંટણી અંગે રાજેન્દ્રસિંહ પરમારે જણાવ્યું હતું કે, મને વિશ્વાસ છે કે તમામ ડિરેક્ટરોએ મારા તરફી મતદાન કર્યું છે. ખૂબ સારી રીતે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ છે. હાઈકોર્ટનો નિર્ણય આવશે ત્યારે હું ચોક્કસ વાઈસ ચેરમેન તરીકે નિમણૂક પામીશ.

ખૂણેખાંચરેથી

- નાયબ જિલ્લા વિકાસ અધિકારીનો ગઈકાલે કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ જિલ્લા પંચાયતમાં સેનીટાઈઝેશનની કામગીરી કરાઈ હતી.
- જિલ્લા પંચાયત ખાતે આજે કરાયેલ રેપીડ એન્ટીજન ટેસ્ટના કેમ્પમાં વધુ એક કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.
- શાકભાજીના ભાવ વધારા પછી સિંગતેલના ભાવમાં પણ ઉછાળો આવતાં મધ્યવર્ગના સૌનું બજેટ ખોરવાઈ ગયુ.
- ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગે ગેસ કેડરના ૨૧ અધિકારીઓને હાયર સ્કેલમાં બઢતી આપતા હુકમો આજે જારી કર્યા છે.
- ગાંધીનગર જિલ્લાના છ જેટલા તલાટી અને એક સિનીયર ક્લાર્કની બદલીના હુકમો કરવામાં આવ્યા છે.

॥ શ્રીયોગેશ્વરોવિજયતેતરામ્ ॥

૧૯ ઓક્ટોબર-મનુષ્ય ગૌરવ દિન

આજે સમગ્ર માનવજાત એક એવા તબક્કામાંથી પસાર થઈ રહી છે જ્યાં ડગલે ને પગલે જીવનની અનિશ્ચિતતા અનુભવાય છે. તેવા સંજોગોમાં પણ ધૈર્યપૂર્વક, અતીન્દ્રિય શક્તિ પર વિશ્વાસ રાખીને, પરિસ્થિતિને પડકારરૂપ માનીને, જીવનવિકાસના માર્ગે આગળ વધતો રહેલો-ઈશ્વરનિષ્ઠ પરિવાર એટલે 'સ્વાધ્યાય પરિવાર.

આ પરિવારના પ્રણેતા પરમ પૂજનીય પાંડુરંગશાસ્ત્રી આઠવલેજી (દાદાજી)નો જન્મદિવસ એટલે 'મનુષ્ય ગૌરવ દિન.હ્વ આજની વિડંબના છે કે કોઈ **'Day'** ની ઓળખાણ સોશિયલ મીડીયાનાં માધ્યમથી મળે, ત્યારે જ ઘણાંને ખબર પડે છે. પરંતુ, આ એવા વ્યક્તિવિશેષનું જન્મશતાબ્દી વર્ષ છે કે જે સોશિયલ મીડીયાનાં નાનકડા ફલકમાં ઝીલાઈ શકશે જ નહીં- કારણકે તેમણે પોતાના સમગ્ર જીવનના ૮૩-૮૩ વર્ષ સમાજના એક્કેક માનવનું ગૌરવ ઊભું થાય તે માટે ખર્ચી દીધા છે.



સમાજમાં ઘણાં એવું માને છે કે 'પાંડુરંગશાસ્ત્રી એટલે એ જ કે જેમણે માછીમારોને સુધાર્યા, ને ગામડાઓમાં કામ કર્યું. પણ, આ અધૂરી સમજણ છે. સમાજનો બૌદ્ધિકવર્ગ, સુશિક્ષિત વર્ગ, શહેરી કે વિદેશમાં વસતો વર્ગ સુદ્ધાં- પરિવારનો એટલો જ મોટો ભાગ છે. કેટલાયે ડોક્ટર્સ, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, સોફ્ટવેર એન્જીનીયર્સ, પ્રોફેસર્સ, ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ, જેવા લોકો આ પરિવારના એક્ટીવ અંગ છે.

Western Thinkers ને દાયકાઓથી આ પ્રશ્ન મૂંઝવે છે કે- **altruistic** કર્મો માટે કર્મપ્રેરણા શું? એટલેકે નિષ્કામ કર્મો માટે **motivation** શું? રસેલ હોય કે બ્રેડલે, તેમને આ પ્રશ્ન સતાવે છે. જ્યાં ફળ પર માલિકી નથી, ત્યાં વ્યક્તિ નિઃસ્વાર્થ કામ કરે શા માટે? અને કરે તો કેટલો સમય કરે? આ બે પ્રશ્નોના જવાબ મળતા નથી. આના સોલ્યુશનના વૈશ્વિક સ્તર પર થયેલાં પ્રયાસો નિષ્ફળ રહ્યાં, કારણકે **Problem of Incentive** (કર્મપ્રેરણાના પ્રશ્ન) નો ઉકેલ નહોતો.

દાદાજીના કાર્યમાં આનું અદભુત સોલ્યુશન છે કે- 'હું કૃતિ મારા કે સમાજ માટે નહીં, પણ હૃદયમાં વસતા ભગવાન માટે કરું છું. તેથી કર્મમાં મારો પૂર્ણ રસ છે, પણ ફળની જરાપણ આકાંક્ષા મને નથી ! કર્મ એ મારી પૂજા, ને ફળ તો પ્રભુનું! આવો અપ્રતિમ વિચાર દાદાજીએ આપ્યો.

આને લીધે, આજે ''ભક્તિ એ સામાજિક શક્તિ'' બની છે- ખીલેલું કૃતિ-ભક્તિનું ચિત્ર જોવા ક્યારેક દાદાજીના પ્રયોગોમાં ડોકિયું કરજો. યોગેશ્વર કૃષિ, મત્સ્યગંધા, હીરામંદિર, વૃક્ષમંદિર, શ્રીદર્શનમ્ જેવા અનેક પ્રયોગોમાં હજારો પૂજારીઓના ખીલખીલાટ પ્રસન્ન ચહેરા જોવા મળશે, ત્યારે નિરાંત થશે કે માનવને તો દાદાજીએ ગૌરવ આપ્યું જ છે, પણ પ્રયોગો વડે પેઢીઓને પણ સાચવી લીધી છે. માનવતાનું ભવિષ્ય સોનેરી ને ગૌરવાન્વિત રહેશે તે આ પરિવાર અને પ્રયોગોને લીધે !

તેથી જ, દાદાજીનો જન્મદિવસ સ્વાધ્યાય પરિવાર ''મનુષ્ય ગૌરવ દિન'' તરીકે ઉજવે છે. જેમ સૂર્ય આટલું બધું તપે છે તેથી શરીરનું તાપમાન ૯૮.૬ ડીગ્રી ફેરનહાઈટ જળવાઈ રહે છે. તેવી રીતે દાદાજી પોતાના જીવનમાં કેટલું બળ્યા હશે કે આજે લાખો લોકો ભક્તિફેરી કરવા નીકળે છે ! ત્રિરાશિ માંડીશું તો બુદ્ધિ પણ કામ નહીં કરે. **Indwelling God-** આ એક જ ફિલોસોફીથી બધી સમસ્યાઓ છૂટશે તેવો દાદાજીનો વિશ્વાસ છે. દાદાજીના વિચાર, પ્રેમ અને પ્રયોગ- આજે પણ માણસને સતત પ્રેરણા આપતાં રહ્યા છે. આ જન્મશતાબ્દીના પર્વ પર માનવતાના મસીહા દાદાજીને કોટિ કોટિ વંદન.